**રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, બ્લોક નં.૧, ત્રીજો માળ,**
**ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
**સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ ની ભરતી અંગેની જાહેરાત વર્ષ- ૨૦૧૧.**

**એમ.સી.એ. પદવી ધરાવનાર ઉમેદવાર ઓનલાઇન અરજી કરવા બાબત.**

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર હસ્તકની રાજયની સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ની અંદાજે **૨૬૩૯ જગ્યાઓ** ભરવા માટે તા.૩/૮/૨૦૧૧ના રોજ વર્તમાનપત્રમાં જાહેરાત આપીને ઓન લાઇન અરજીઓ માંગવામાં આવી છે. જે અન્વયે કોમ્પ્યુટર ગ્રુપમાં પણ અરજીઓ માંગવામાં આવેલ છે. કોમ્પ્યુટર ગ્રુપમાં **એમ.સી.એ. ( માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન )** પદવીની લાયકાત મેળવેલ ઉમેદવાર પણ ઓનલાઇન અરજી કરી શકશે. ઓનલાઇન અરજીપત્રક **તા.૦૨/૦૯/૨૦૧૧**ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક સુધી વેબસાઇટ ઉપર ભરી શકાશે. જયારે પ્રિન્ટ કરેલી અરજીની નકલ સ્વીકાર કેન્દ્ર ઉપર **તા.૦૨/૦૯/૨૦૧૧** સુધી રુબરુમાં ( શનીવાર-રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) સવારનાં ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. અગાઉની જાહેરાતમાં દર્શાવેલી તથા વેબસાઇટ ઉપરની તમામ સૂચનાઓ/ શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

અધ્યક્ષ ,પસંદગી સમિતિ અને
નિયામક, રોજગાર અને તાલીમ ,ગુ.રા. ગાંધીનગર.

**રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, બ્લોક નં.૧, ત્રીજો માળ,**
**ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
**સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ ની ભરતી અંગેની જાહેરાત વર્ષ- ૨૦૧૧.**
**ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ લંબાવવા બાબત.**

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર હસ્તકની રાજયની સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ની અંદાજે **૨૬૩૯ જગ્યાઓ** ભરવા માટે તા.૩/૮/૨૦૧૧ના રોજ વર્તમાનપત્રમાં જાહેરાત આપીને **તા.૪/૮/૨૦૧૧ થી તા.૧૭/૮/૨૦૧૧** દરમ્યાન ઓન લાઇન અરજીઓ માંગવામાં આવી હતી4 જે હવે વધારીને છેલ્લી **તારીખ. ૦૨/૦૯/૨૦૧૧ સુધી લંબાવવામાં આવે છે.** ઓનલાઇન અરજીપત્રક **તા.૦૨/૦૯/૨૦૧૧**ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક સુધી વેબસાઇટ ઉપર ભરી શકાશે. જયારે પ્રિન્ટ કરેલી અરજીની નકલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૦૨/૦૯/૨૦૧૧ સુધી રુબરુમાં ( શનીવાર-રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) સવારનાં ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. અગાઉની જાહેરાતમાં દર્શાવેલી તથા વેબસાઇટ ઉપરની તમામ સૂચનાઓ/શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

અધ્યક્ષ ,
પસંદગી સમિતિ અને
નિયામક, રોજગાર અને તાલીમ ,
ગુ.રા. ગાંધીનગર.

## રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, બ્લોક નં.૧, ત્રીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
## સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ ની ભરતી અંગેની જાહેરાત. વર્ષ- ૨૦૧૧

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર હસ્તકની રાજયની સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ની અંદાજે **૨૬૩૯ જગ્યાઓ** નીચે જણાવેલ વિગતે મેરીટના ધોરણે ભરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે નીચે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે અરજી તા.૪/૮/૨૦૧૧ થી તા.૧૭/૮/૨૦૧૧ દરમ્યાન આ કચેરીની વેબસાઇટ www.detgujarat.org/iti ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ફકત ઓન લાઇન કરવાની રહેશે.

❖ **ભરવાપાત્ર જગ્યાના સંદર્ભે અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓઃ**

| ક્રમ | ગૃપનું નામ સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર | કુલ જગ્યા (TOTAL) | બિન અનામત (OPEN) | અનુ. જાતિ (SC) | અનુ. જન જાતિ (ST) | સા.શૈ. પ. વર્ગ (SEBC) | વિકલાંગ માટેની જગ્યાઓ (PH) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઓટોમોબાઇલ | ૩૩૧ | ૧૩૪ | ૨૬ | ૬૫ | ૧૦૬ | ૧૦ |
| ૨ | બ્યુટી કલ્ચર એન્ડ હેર ડ્રેસીંગ | ૧૫ | ૬ | ૧ | ૩ | ૫ | ૦ |
| ૩ | કેમીકલ | ૧૧૪ | ૪૨ | ૯ | ૨૪ | ૩૯ | ૩ |
| ૪ | કોમ્પ્યુટર | ૫૪૭ | ૨૧૫ | ૪૪ | ૧૦૯ | ૧૭૯ | ૧૫ |
| ૫ | કન્સ્ટ્રકશનએન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર | ૫૬ | ૧૯ | ૫ | ૧૧ | ૨૧ | ૨ |
| ૬ | ઇલેકટ્રીકલ | ૫૪૧ | ૨૧૨ | ૪૫ | ૧૦૭ | ૧૭૭ | ૧૫ |
| ૭ | ઇલેકટ્રોનીકસ | ૪૧ | ૧૫ | ૪ | ૮ | ૧૪ | ૧ |
| ૮ | ફેબ્રિકેશન | ૨૧૪ | ૮૪ | ૧૬ | ૪૩ | ૭૧ | ૭ |
| ૯ | ગારમેન્ટ્સ | ૧૦૯ | ૪૩ | ૯ | ૨૧ | ૩૬ | ૪ |
| ૧૦ | ઇન્સ્ટ્રુમેન્ટેશન | ૪૪ | ૧૫ | ૪ | ૧૦ | ૧૫ | ૧ |
| ૧૧ | ઇન્ફર્મેશન ટેકનોલોજી | ૩૪ | ૧૩ | ૩ | ૭ | ૧૧ | ૧ |
| ૧૨ | મરીન | ૨૧ | ૮ | ૨ | ૪ | ૭ | ૦ |
| ૧૩ | મેથ્સ-ડ્રોઇંગ | ૫૦ | ૧૭ | ૪ | ૧૧ | ૧૮ | ૧ |
| ૧૪ | મીકેનીકલ | ૪૭૯ | ૧૯૧ | ૩૭ | ૯૬ | ૧૫૫ | ૧૩ |
| ૧૫ | પેઇન્ટર | ૦૩ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૬ | રેફ્રિજરેશનએન્ડ એરકન્ડિશનીંગ | ૪૦ | ૧૪ | ૩ | ૮ | ૧૫ | ૧ |
| | કુલ સરવાળો.. | ૨૬૩૯ | ૧૦૨૯ | ૨૧૨ | ૫૨૮ | ૮૭૦ | ૭૪ |

- અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના સા.શૈ.પ.વ.ના, અનુસુચિત જાતિ તેમજ અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે જ અનામત છે.
- મહિલાઓ માટે ની જગ્યાઓ ૩૦ ટકા મુજબ અનામત છે. જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે જ કેટેગરીના પુરુષ ઉમેદવારોથી ભરવામાં આવશે.
- માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓનાં ૧૦ ટકા મુજબ જગ્યાઓ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યા માટે જો લાયક માજી સૈનિક ના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
- શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની અનામત જગ્યાઓ જે તે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.

❖ **પગારધોરણઃ-**

નાણાં વિભાગનાં તા. ૧૬/૨/૦૬, તા. ૧/૮/૨૦૦૬ તથા તા.૨૯/૪/૨૦૧૦ના ઠરાવ તથા સામાન્ય વહિવટ વિભાગનાં તા. ૪/૬/૨૦૦૯નાં ઠરાવની જોગવાઇઓને આધીન જે બોલીઓ/શરતો/ નિયમો નકકી કરેલ છે તે તેમજ હવે પછી વખતોવખત સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવે તે બોલીઓ/શરતો/નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. જે જોગવાઇઓ ને આધિન પ્રથમ પાંચ વર્ષ માટે સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ-૩ને રૂ.૫૦૦૦/- ના માસિક ફીકસ પગારથી લાયક ઉમેદવારને અજમાયશી ધોરણે નિમણૂંક આપશે. તે સિવાય અન્ય કોઇ ભથ્થાં કે લાભો મળવાપાત્ર રહેશે નહિ. ત્યારબાદ પાંચ વર્ષ ની સેવાઓ પુરી થયેથી તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાશે પગાર

ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ. ૨૮૦૦/- અથવા સરકારશ્રી ધ્વારા જે તે જગ્યા માટે વખતોવખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

❖ <u>**રાષ્ટ્રીયતાઃ-**</u> ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

❖ <u>**શૈક્ષણિક લાયકાતઃ-**</u>

(૧).ભારતમાં કેન્દ્રીય અથવા કે રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ ૧૯૫૬ની કલમ ૩ હેઠળ યુનીવર્સિટી તરીકે ગણાતી જાહેર થયેલી અથવા તે તરીકે સંગઠિત થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીમાં પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨).ટેકનિકલ પરીક્ષા બોર્ડમાંથી મેળવેલ એન્જીનીયરીંગ અથવા ટેકનોલોજીમાં ડિપ્લોમા અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે અને એન્જીનીયરીંગ અથવા ટેકનોલોજીના ક્ષેત્રમાં ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(૩).શૈક્ષણિક/ટેકનિકલ લાયકાત સંબંધિત વ્યવસાય પ્રમાણેની જગાને યોગ્ય અને આ નિયમો અંગે નીચે જણાવ્યા મુજબ જગાની સામે દર્શાવ્યા પ્રમાણે રહેશે.

| ક્રમ | ગ્રુપનું નામ સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧ | ઓટોમોબાઇલ | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન ઓટોમોબાઇલ્સ એન્જિનિયરિંગ અથવા ટ્રાન્સપોર્ટેશન એન્જિનિયરિંગ |
| ૨ | બ્યુટી કલ્ચર એન્ડ હેરડ્રેસીગ. | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન બ્યુટીશ્યન (ટેકનિકલ એજયુકેશન પેટર્ન) હોમ સાયન્સ |
| ૩ | કેમીકલ | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન કેમીકલ એન્જિનિયરિંગ |
| ૪ | કોમ્પ્યુટર | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન કોમ્પ્યુટર એપ્લીકેશન અથવા કોમપ્યુટર સાયન્સ અથવા કોમ્પ્યુટર એન્જિનિયરિંગ અથવા કોમ્પ્યુટર ટેકનોલોજી |
| ૫ | કન્સ્ટ્રકશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન સિવિલ એન્જિનિયરિંગ અથવા આર્કીટેકચરલ આસીસ્ટંટશીપ એન્જિનિયરિંગ |
| ૬ | ઇલેકટ્રીકલ | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન ઇલેકટ્રીકલ એન્જિનિયરિંગ અથવા પાવર ઇલેકટ્રોનિકસ |
| ૭ | ઇલેકટ્રોનિકસ | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન ઇલેકટ્રોનિકસ અને રેડીયો એન્જિનિયરિંગ અથવા રેડીયો ટેકનોલોજી અથવા પાવર ઇલેકટ્રોનિકસ અથવા ઇન્ડસ્ટ્રીયલ ઇલેકટ્રોનિકસ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ અથવા ડીપ્લોમાં ઇન ઇલેકટ્રોનિકસ, સાઉન્ડ અને ટેલીવિઝન એન્જિનિયરિંગ |
| ૮ | ફેબ્રિકેશન | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન મીકેનીકલ એન્જિનિયરિંગ અથવા ફેબ્રીકેશન એન્જિનિયરિંગ અથવા ફેબ્રીકેશન ટેકનોલોજી અથવા પ્રોડકશન ટેકનોલોજી અથવા પોસ્ટ ડીપ્લોમાં ઇન વેલ્ડીંગ ટેકનોલોજી |
| ૯ | ગારમેન્ટ્સ | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન કોસ્યુમ ડીઝાઇન અને ડ્રેસ મેકીંગ અથવા કોમ્પ્યુટર એડેડ કોસ્યુમ ડીઝાઇન એન્ડ ડ્રેસ મેકીંગ અથવા એપેરલ અથવા ફેશન ટેકનોલોજી અથવા ફેશન ડીઝાઇન |
| ૧૦ | ઇન્સ્ટ્રુમેન્ટેશન | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન મીકેનીકલ એન્જિનિયરિંગ અથવા ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરિંગ અથવા મેકાટ્રોનિકસ એન્જિનિયરિંગ |
| ૧૧ | ઇન્ફર્મેશન ટેકનોલોજી | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન કોમ્પ્યુટર એન્જિનિયરિંગ અથવા કોમ્પ્યુટર ટેકનોલોજી અથવા કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ અથવા ઇલેકટ્રોનિકસ અને કન્ટ્રોલ એન્જિનિયરિંગ અથવા ઇલેકટ્રોનિકસ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ અથવા ઇન્ફર્મેશન ટેકનોલોજી અથવા ડીપ્લોમાં ઇન ઇલેકટ્રોનિકસ, સાઉન્ડ અને ટેલીવિઝન એન્જિનિયરિંગ |
| ૧૨ | મરીન | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન મરીન એન્જિનિયરિંગ અથવા ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ |
| ૧૩ | મેથ્સ-ડ્રોઇંગ | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન મીકેનીકલ એન્જિનિયરિંગ અથવા ઇલેકટ્રીકલ એન્જિનિયરિંગ અથવા ઓટોમોબાઇલ એન્જિનિયરિંગ અથવા સીવીલ એન્જિનિયરિંગ અથવા કોમ્પ્યુટર એન્જિનિયરિંગ અથવા ઇલેકટ્રોનિકસ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ |

| | | |
|---|---|---|
| ૧૪ | મીકેનીકલ | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન મીકેનીકલ એન્જિનિયરિંગ અથવા પ્રોડકશન એન્જિનિયરિંગ |
| ૧૫ | પેઇન્ટર | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન ફાઇન આર્ટસ અથવા કોમર્શિયલ આર્ટસ અથવા એપ્લાઇડ આર્ટસ અથવા ડ્રોઇંગ એન્ડ પેઇન્ટિગસ |
| ૧૬ | રેફ્રિજરેશન એન્ડ એરકન્ડિશનીંગ | ડિગ્રી અથવા ડીપ્લોમા ઇન મીકેનીકલ એન્જિનિયરિંગ |

❖ ગુજરાતી/હિન્દી અથવા બંને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

❖ <u>કોમ્પ્યુટરની જાણકારી:-</u>

ઉમેદવાર રાજય સરકારનાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૮/૨૦૦૮ના સરકારી ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-વ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરવાતા હોવા જોઇશે. તથા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણુંક મેળવતા પહેલાં આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે નહિ.

❖ <u>વય મર્યાદાઃ-</u>

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે** ઉમેદવારની **વય ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૨૮ વર્ષથી વધુ** હોવી જોઇશે નહિ.

❖ <u>વય મર્યાદામાં છૂટછાટઃ</u>

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જન જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોનાં કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહિવટ વિભાગનાં તા.૨૨-૫-૧૯૯૭ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૦૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ,વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછા માં ઓછા છ (૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છુટછાટ મળશે.

**નોંધ:- <u>તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વય મર્યાદા છુટછાટ સાથેની કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇશે નહિ.</u>**

❖ **પસંદગી પ્રક્રિયાઃ-**

જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગની જગ્યા ઉપર પસંદગીનાં ધોરણો ખાતાની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે. તે અનુસાર મેરિટને આધારે કરવામાં આવશે. પરંતુ ખાતાને યોગ્ય અને જરુરી લાગશે તો તેમાં જરુરી ફેરફાર કરી શકશે અને તેવા સંજોગોમાં તેની જાણ વેબસાઇટ ઉપર કરવામાં આવશે.

❖ <u>સામાન્ય સુચનાઓ:-</u>

(૧). અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાતના જરુરી તમામ ગુણપત્રકો/પ્રમાણપત્રોની એક-એક પ્રમાણિત નકલ તથા અન્ય જરુરી પ્રમાણપત્રોની એક એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે. વધુમાં સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રમાણિત નકલો અરજી સાથે રજુ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઇ કરવા માટે ફરજીયાતપણે રજુ કરવાનાં રહેશે, અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહિ. જે પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રમાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે. પ્રવેશનાં પ્રથમ સેમેસ્ટર/વર્ષ તથા છેલ્લા સેમેસ્ટર/વર્ષ ની માર્કશીટ અચૂકપણે રજુ કરવાની રહેશે.

(૨).અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના દાખલાની પ્રમાણિત નકલ સામેલ રાખવી.

(૩).સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે મતલબનું તા. ૩૧/૩/૨૦૧૧ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧નું તા. ૧/૪/૨૦૧૧ કે ત્યાર પછીનું સક્ષમ સત્તાધિકારીનું નિયત નમુનામાં પ્રમાણપત્ર મેળવી

તેની પ્રમાણિત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે. પાછળથી રજુ કરેલ પ્રમાણપત્ર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૪). શારિરીક ખોડખાંપણવાળા ઉમેદવારોએ અપંગતા અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શારિરીક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો સ્વતંત્ર રીતે વર્ગ શિક્ષણ કાર્ય કરી શકવા સક્ષમ હોવા જોઇશે.

(૫). બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂ.૨૦૦/- (અંકે રુપીયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જન જાતિ,તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં ઉમેદવારો માટે અરજી ફી રૂ.૧૦૦/- ( અંકે રુપીયા એકસો પુરા) રહેશે. જે ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર ઉપર રોકડેથી ભરવાની રહેશે.

(૬). **વેબસાઇટ પર થી પ્રિન્ટ કરેલ અરજી પ્રમાણિત નકલો સાથે નિયત કરેલ ૨૬ કેન્દ્રો પૈકી ઉમેદવારને અનુકૂળ હોય તેવા કોઇપણ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી ફી ભરી જમા કરાવી પહોંચ અચુક મેળવી લેવી. જરુર જણાયે આ પહોંચ રજુ કરવાની રહેશે.**

(૭). આ જાહેરાત અન્વયે જો એક થી વધુ ગ્રુપમાં અરજી કરવી હોય તો ગ્રુપવાઇઝ અલગ અલગ અરજી કરવાની રહેશે. અને અરજી ફી પણ અલગ ભરવાની રહેશે.

(૮). સદરહુ ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પર થી જોવા મળી શકશે.

(૯). ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ખાતા ધ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૧૦). ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૧૧). આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

(૧૨). ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી, તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૧૩). આ ભરતી પ્રક્રિયા સંપુર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(૧૪). અનુભવ મેળવેલ હોય તે પ્રત્યેક પ્રમાણપત્રમાં હોદદો, મળતો પગાર, અનુભવનો સમયગાળો દર્શાવેલ હોવો જોઇશે. વળી અનુભવ જગ્યાને અનુરુપ છે કે કેમ તે અંગે ખાતાનો નિર્ણય આખરી ગણાશે. નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામાં આવશે. પાર્ટટાઇમ કે આંશિક અનુભવ માન્ય રહેશે નહિ.

(૧૪). આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યા માં વધ ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

## અરજી પત્રક ઓનલાઇન ભરવા બાબતેની સુચનાઓ.

(૧).આ અંગેનું ઓન લાઇન અરજીપત્રક વેબસાઇટ www.detgujarat.org/iti ઉપર ઓનલાઇન ભરવાનું રહેશે. ઓનલાઇન અરજી ફોર્મ કોઇપણ કોમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

(૨).અરજીપત્રક ભરતાં પહેલા વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને ઓનલાઇન અરજીપત્રક ભરવા બાબતની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે અને ત્યારબાદ જ ઓનલાઇન અરજીપત્રક ભરવુ.

(૩).સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઇટ www.detgujarat.org/iti તથા www.talimrojagar.org ઉપર મુકવામાં આવેલ છે. ઓનલાઇન અરજીપત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશઃ ભરી Submit કરી સંપુર્ણ વિગતો સાથેનું ફોર્મ Print કરી લેવુ.

(૪).અરજીપત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજીપત્રક રાજયના નિયત કરેલ ૨૬ સ્વીકાર કેન્દ્ર પૈકી ઉમેદવારને અનુકૂળ હોય તેવા કોઇપણ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી અને લાગુ પડતી અરજીપત્રક ફી ભરી સહી કરેલી પહોંચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફતે અરજીપત્રક Final Submit કરાવવું.

(૫).અરજીપત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર ધ્વારા આપવામાં આવેલ પહોંચ સાચવવી, અને પસંદગી સમયે અચૂક લાવવી.

(૬).ઓનલાઇન અરજીપત્રક **તા.૪/૮/૨૦૧૧ સવારના ૧૦-૦૦ કલાક થી તા. ૧૭/૮/૨૦૧૧ ના રોજ બપોરના ૧૫-૦૦ કલાક સુધી** વેબસાઇટ પર ભરી શકાશે.

(૭).અરજીપત્રકની પ્રિન્ટ કરેલી કોપી નકકી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર **તા. ૪/૮/૨૦૧૧ થી તા. ૧૭/૮/૨૦૧૧**સુધી રુબરુમાં ( શનિવાર-રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય) **સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી** સ્વીકારવામાં આવશે. સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી અને લાગુ પડતી અરજીપત્રક ફી ભરી સહી કરેલી પહોંચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફતે અરજીપત્રક Final Submit કરાવવું.

(૮).ટપાલ કે કુરીયર મારફતે અજીફોર્મ સ્વીકારવામાં આવશે નહિ, અને તે રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહિ.

(૯).પ્રિન્ટ કરેલાં ફોર્મમાં કોઇપણ જાતના સુધારા વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહિ. કોઇ ખોટી માહિતી ભરાઇ ગઇ હોય તો પ્રિન્ટેડ ફોર્મમાં સુધારા વધારા કે છેકછાક કરાવાની જગ્યાએ નવેસરથી નવું ફાર્મ ભરવું અને તેને સબમીટ કરી પ્રિન્ટ લેવી.

અધ્યક્ષ ,
પસંદગી સમિતિ અને
નિયામક, રોજગાર અને તાલીમ,
ગુ.રા. ગાંધીનગર.